ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૮૧/૨૧-૨૨/ 1366 તારીખ : 28 APR 2022

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી ડાભી અરવિંદભાઈ મગનભાઈ,**
**મું.કીકરીયા,**
**તા.મહુવા,**
**જી.ભાવનગર.**

કેસ નં.૮૧/૨૧-૨૨

**મો.નં- ૬૩૫૪૦ ૨૬૫૬૭**

**વિષય : મોટી રકમનું વિજ બિલ મળવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૨૦/૦૧/૨૦૨૨ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૧/૦૧/૨૦૨૨.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૧/૨૧-૨૨/૨૫૬ તા.૨૫/૦૧/૨૦૨૨.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૧/૨૧-૨૨/૪૩૪ તા.૦૫/૦૨/૨૦૨૨.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૧/૨૧-૨૨/૫૬૫ તા.૧૮/૦૨/૨૦૨૨.
(૫) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૧/૨૧-૨૨/૯૯૭ તા.૨૪/૦૩/૨૦૨૨.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૦૫/૦૪/૨૦૨૨** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**
*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, **ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી-૧, મહુવા.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

**(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **<u>કેઈસ નંબર – ૮૧/૨૧–૨૨</u>** ☜

વાદી :– **શ્રી ડાભી અરવિંદભાઈ મગનભાઈ,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **<u>રજુઆતની તારીખઃ– તા.૦૫/૦૪/૨૦૨૨</u>** ◈

હાજર રહયા :– **શ્રી ડાભી અરવિંદભાઈ મગનભાઈ (વાદી પોતે ગેરહાજર)**

પ્રતિવાદી :– **શ્રી સી.સી. ડામોર, કાર્યપાલક ઇજનેરશ્રી અને**
**શ્રી એમ.પી.ભુત, નાયબ ઈજનેર, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી–૧, મહુવા**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી ડાભી અરવિંદભાઈ મગનભાઈ, મું.કીકરીયા, તા.મહુવા, જી.ભાવનગર ની મોટી રકમનું વિજ બિલ મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૮૧/૨૧–૨૨ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૧/૨૧–૨૨/૨૫૬ તા.૨૫/૦૧/૨૦૨૨ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **<u>તા.૧૬/૦૨/૨૦૨૨, તા.૨૩/૦૨/૨૦૨૨ તથા તા.૦૫/૦૪/૨૦૨૨</u>** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી ડાભી અરવિંદભાઈ મગનભાઈ ગેરહાજર રહેલ તથા પ્રતિવાદી તરફ **શ્રી** સી.સી. ડામોર, કાર્યપાલક ઇજનેરશ્રી અને શ્રી એમ.પી.ભુત, નાયબ ઈજનેર, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી–૧, મહુવા ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો વાદીશ્રી અરવિંદભાઈ મગનભાઈ, મું.કીકરીયા, તા.મહુવા, જી.ભાવનગર પાસે રહેણાંક ધરાવીએ છીએ. અમો મજૂરી કામ કરીએ છીએ.

૧.૨ અમો મહુવા રૂરલ–૧ માં અમારા પિતાશ્રી મગનભાઈ પ્રેમજીભાઈ ડાભી ના નામે ઘર વપરાશ નું વિજ કનેકશન ધરાવીએ છીએ. અમોને દર બે મહિને રૂા.૫૦૦/– થી રૂા.૬૦૦/– નું બિલ આવે છે. જે અમો દ્વારા વખતો વખત ભરપાઈ કરી આપવામાં આવે છે. અગાઉનું પણ ૨૬૫૦ નું બિલ આવેલ તે પણ અમોએ ભરપાઈ કરી આપવામાં આવેલ.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૩ તા.૧૭/૦૧/૨૦૨૨ ના રોજ આપવામાં આવેલ બિલ રૂ.૧૧,૯૭૧/– હતું. અમો મજૂર વર્ગ છીએ અને માંડમાંડ ગુજરાન ચલાવીએ છીએ અમોને પીજીવીસીએલ મહુવા કચેરી દ્વારા જણાવવામાં આવેલ કે કોઈ ટેકનીકલ ખામીને કારણે તમારે આટલું મોટું બિલ આવેલ છે તમો કોઈ પણ જગ્યાએ વિજ મીટર સંબંધિત અરજી કરી શકો છો.

૧.૪ આપ સાહેબશ્રી ને મારી નમ્ર અરજ છે કે, સદર બિલ બાબતે અમારા વિજ મીટર ની તપાસ કરાવી અમોને યોગ્ય બિલ આવે અને યોગ્ય ન્યાય મળે એવી આપ સાહેબશ્રી ને મારી નમ્ર વિનંતી છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ અરજદાર નું નામ – શ્રી ડાભી અરવિંદભાઈ મગનભાઈ

ગ્રાહક નું નામ– શ્રી મગનભાઈ પ્રેમજીભાઈ

ગ્રાહક નંબર – ૩૭૦૬૧/૦૦૪૪૩/૬

કેટેગરી અને લોડ – RGPR, 0.5 KW

રીલીઝ તારીખ – ૧૯/૦૩/૨૦૦૩

૨.૨ વાદીશ્રી મગનભાઈ પ્રેમજીભાઈ મહુવા રૂરલ–૧ કચેરીમાં ઘર વપરાશનું 0.5 KW નું વિજ કનેકશન ધરાવે છે. જેનો ગ્રાહક નં–૩૭૦૬૧/૦૦૪૪૩/૬ છે.

૨.૩ વાદીશ્રી તા.૦૮/૦૭/૨૦૨૧ ના રોજ F નું ૩૪૨ યુનિટ નું રૂ.૯૮૦/– નું બિલ આપવામાં આવેલ. ત્યારબાદ, સદર મીટર તા.૧૪/૦૮/૨૦૨૧ ના રોજ બદલવામાં આવેલ અને તા.૧૪/૦૯/૨૦૨૧ ના રોજ ૧૭૦ યુનિટ નું રૂ.૮૯૬/– નું બિલ આપવામાં આવેલ. ત્યારબાદ, તા.૧૫/૧૧/૨૦૨૧ ના રોજ ૬૦ યુનિટ નું રૂ.૩૩૦/– નું બિલ આપવામાં આવેલ ત્યારે, કલોઝીગ એરીયર્સ રૂ.૨૬૫૧/– હતું.

૨.૪ સદર એરીયર્સ ની સામે વાદી દ્વારા તા.૩૦/૧૧/૨૦૨૧ ના રોજ રૂ.૨૬૫૦/– ભરેલ છે. ત્યારબાદ, વાદીને તા.૧૭/૦૧/૨૦૨૨ ના રોજ ૧૬૫૬ યુનિટ નું રૂ.૧૧૬૪૦/– નું બિલ આપવામાં આવેલ હતું.

૨.૫ સદર બિલ બાબતે મહુવા રૂરલ–૧ સી.આસી. દ્વારા મીટર બદલવા માટે ગ્રાહકને ટેલીફોનીક જાણ કરેલ હતી. ત્યારબાદ, મહુવા રૂરલ–૧ પેટા વિભાગીય કચેરી દ્વારા સદર મીટર PGST04823833 તા.૦૭/૦૨/૨૦૨૨ ના રોજ ઉતારેલ છે. જેનો પ્રફોર્મા–૧૫ ભરેલ છે અને જેમાં રીડીગ ૧૭૪૧ રીડીગ આવેલ છે.

૨.૬ મહુવા રૂરલ–૧ કચેરી ના જુનીયર ઈજનેરશ્રી દ્વારા વાદીના સદર મીટર PGST04823833 ની સ્થળ તપાસ કરી રોજકામ કરેલ છે.

૨.૭ વાદીને સદર મીટર લેબમાં ખોલાવવા માટે તા.૦૯/૦૨/૨૦૨૨, તા.૧૫/૦૨/૨૦૨૨ અને તા.૨૨/૦૨/૨૦૨૨ તારીખ આપેલ છે. સદર મીટર લેબમાં તપાસણી કર્યા મીટર બરાબર માલુમ પડેલ છે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદારશ્રી અરવિંદભાઈ મગનભાઈ, મું.કીકરીયા, તા.મહુવા દ્વારા રજૂઆત કરવામાં આવેલ છે કે, તેમને દર બે મહિને આશરે રૂા.૫૦૦/– થી રૂા.૬૦૦/– સુધીના બિલો મળતા હતા. જેની સામે પ્રતિવાદી પીજીવીસીએલ ની ગ્રામ્ય–૧ પેટા વિભાગીય કચેરી દ્વારા તા.૧૭/૦૧/૨૦૨૨ ના રોજ ૧૬૫૬ યુનિટ નું રૂા.૧૧,૯૭૧/– જેટલી મોટી રકમનું બિલ આપવામાં આવેલ છે જેની સામે તકરાર છે.

૩.૨ પ્રતિવાદી દ્વારા વાદીની ફરીયાદને ધ્યાને લઈ તા.૦૭/૦૨/૨૦૨૨ ના રોજ મીટર ઉતારી બદલાવી આપેલ છે. તથા તેમાં રીડીંગ ૧૭૪૧ આવેલ છે અને સ્થળ પર તપાસ કરી રોજકામ કરેલ છે.

૩.૩ લેબોરેટરી ટેસ્ટીંગ દરમ્યાન વાદીનું મીટર ઓકે જણાવેલ છે તથા કોઈ તાંત્રિક ખામી જણાયેલ નથી. આમ, વાદીને અપાયેલ બિલ વપરાશ મુજબ ના આંકડા નું હોઈ, બરાબર છે.

૩.૪ ફોરમ દ્વારા વાદીને રૂબરૂ રજૂઆત કરવા તા.૧૬/૦૨/૨૦૨૨, તા.૨૩/૦૨/૨૦૨૨ તથા તા.૦૫/૦૪/૨૦૨૨ ના રોજ સુનાવણી માં હાજર રહેવા જણાવવામાં આવેલ, પરંતુ, વાદી હાજર રહેલ નથી કે મુદત માટે અન્ય કોઈ રજૂઆત કરેલ નથી.

૩.૫ તમામ રેકર્ડ વાદીના વપરાશ ની હીસ્ટ્રી તથા લેબ રીપોર્ટ ના આધારે ફોરમને જણાય છે કે, વાદીના મીટર માં કોઈ તાંત્રિક ખામીને લીધે વપરાશ વધ્યાનું સાબિત થતું નથી. આથી, પ્રતિવાદીએ આપેલ રૂા.૧૧૬૪૦/– નું બિલ યોગ્ય છે. જે વસુલવા પ્રતિવાદી હકકદાર છે.

**<u>–:: હુકમ ::–</u>**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૫ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મહેતા)
**સ્વતંત્ર સભ્યશ્રી**

(એ.એ.જાડેજા)
**ટેકનીકલ સભ્યશ્રી**

(એન.સી.મકવાણા)
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– **૦૫/૦૪/૨૦૨૨.**

Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar